## ૧૧.૪ કેટલીક મર્ાિમક કહેવતો

૧. સંગ તેવો રંગ, સંપ ત્યાં જંપ, નહિંતર ધરતીકંપ ઃ નિમિત્તવાસી આવ્યા છે. જેવાં શુભ કે અશુભ નિમિત્ત મળે તે તરફ્ળ ઢળી જાય છે.

૨. ગરજવાનને અક્કલ ન હોય ઃ જયાં પોતાનો સ્વાર્થ સરે ત્યાં સુધી જ સંબંધ રાખે. બાકી હું કોણે ને તું કોણ?

૩. ખાડો ખોદે તે પડે, વાવે તેવું લણે, ને કરે તેવું પામે ઃ જે બીજા વિષે વિચારીએ તેવું અવશ્ય પોતાનાં વિશે થાય...

૪. ઘરડાં વિના ગાડાં ન વળે ઃ વૃદ્ધો અનુભવી હોય છે. તે મહા મુશ્કેલીના કાર્યો પણ આસાનીથી પાર પાડી શકે છે.

૫. જૂનું એટલું સોનુ નહિ, નવું બધું નકામું નહિ ઃ દરેક વસ્તુ નકામી પણ હોતી નથી અને કામની પણ હોતી નથી. ફ્ક્ત સારાસારનો વિવેક કરવો જરૂરી છે.

૬. ઝાઝાં હાથ રળિયામણાં ઃ જે કાર્ય એકલાં હાથે ન થાય તે સમૂહથી આસાનીથી પાર પડી શકે છે.

૭. દૂરથી ડુંગર રળિયામણાં ઃ દરેક વસ્તુ દૂરથી જ સારી લાગે છે. નજીકથી એટલી સરસ નથી હોતી.

૮. એક હાથે ચપટી વાગે, બે હાથે તાલી પડે ઃ જેટલો સમૂહ વધારે તેટલું કાર્ય સરસ.

૯. સગાં એટલાં વ્હાલાં નહિ, વ્હાલાં એટલાં સગાં નહિ ઃ જે પૂછે છે, તે કાર્ય નથી કરતાં, જે કાર્ય કરે છે તે પૂછતાં નથી.

૧૦. પહેલો સગો પાડોશી ઃ સગાં તો દૂર રહી જાય... પરંતુ નજીક રહેતા હોય તે જ પહેલાં કામ આવે, માટે પાડોશી સાથે સંપથી રહેવું, બગાડવું નહિ.

૧૧. બકરું કાઢતાં ઊંટ પેઠું, ઉલમાંથી ચૂલમાં પડ્યાં ઃ એક કાર્ય કરતાં જતા તે સારું ન થયું, પણ જે સારું હતું તેય બગડ્યું. શરીર/વ્યક્તિ માટે.

૧૨. ડોશી મરે તેનો વાંધો નહિ, જમ ઘર ભાળી ન જવો જોઈએ ઃ ખરાબ માણસોથી ચેતતા રહેવું, માથાભારે માણસોથી દૂર રહેવું.

૧૩. મગનું નામ મરી ન પાડે તેનું નામ વાણીયો ઃ ખુલાસો કરવાનો હોય કે કોઈ પૂછે તો ગોળ ગોળ જવાબ આપે, પણ સાચું કારણ ન દર્શાવે.

૧૪. વહેતા પાણી નિર્મળા, બાંધ્યા ગંદા થાય, સાધુ નો ચલતાં ભલાં, ડાઘ ન લાગે કોઈ ઃ એક સ્થાને નીર હોય કે સંત હોય પણ વધારે રહેવું નહીં.

૧૫. યા હોમ કરીને પડો ફતેહ દો આગે ઃ દૃઢ સંકલ્પ કરીને કરેલું કાર્ય અવશ્ય પાર પડે છે.

૧૬. રાજા-વાજા ને વાંદરા વતાવો નહિં ત્યાં સુધી સારા ઃ એ જયાં સુધી સારાં ત્યાં સુધી ઠીક નહીં તો તમારું સર્વસ્વ લૂંટી પણ શકે છે.

૧૭. હસે તેનું ઘર વસે ઃ ગમે તેવી પરિસ્થિતિમાં સદાબહાર પ્રસન્ન રહેવું, હસતાં જ રહેવું.

૧૮. શેઠની શિખામણ ઝાંપા સુધી ઃ ગમે તેટલું કહો તો પણ પોતાનું જ ધાર્યું કરે...

૧૯. જુવાનીયાને ધીરજ ન હોય, ઘરડાંને ઉતાવળ ન હોય ઃ બધું જ કાર્ય શાંતિથી પર પડે છે. પરંતુ યુવાન ને ઘરડામાં આટલો ફેર છે.

૨૦. સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ, હવે સોટી વાગે શિક્ષકને, વિદ્યા નાસે વિદ્યાર્થીને ઃ જો શિક્ષકની કૃપા દૃષ્ટિ મેળવો તો વિદ્યા આવે. પરંતુ તેની કઠોરતા જ દેખાય તો વિદ્યા ન ચડે. ગરથ ગાંઠે, વિદ્યા પાઠે.

૨૧. ભસતાં કૂતરા ભાગ્યે જ કરડે ઃ જે બોલે તે કાર્ય કરે નહીં, અને ન બોલે તે કાર્ય કર્યા વિના કરે નહીં.

૨૨. મન હોય તો માળવે જવાય/ભાવ હોય તો ભગવાન થવાય ઃ જેવા ભાવ તેવી ભક્તિ અને ભક્તિ તેવી સિદ્ધિ.

૨૩. માણસ ધારે કંઈ ને થાય કંઈ ઃ માણસ ધારે તે બધું થતું નથી અને ન ધારેલું બધું અચાનક જ થઈ જાય છે,  તેનું નામ સંસાર

૨૪. ઈચ્છો જેવું અવરનું તેવું પોતાનું થાય ન માનો તો કરી જુઓ જેથી અનુભવ થાય ઃ જેવું બીજા વિષે વિચારીએ તેવું પોતા વિષે થાય. આ અનુભવ સિદ્ધ વાત છે. કેમ કે એક આંગળી બીજા સામે ચીંધો ત્યારે ત્રણ પોતાની તરફ આવે છે.

૨૫. એક હવા ને સો દવા ઃ વહેલી સવારની હવા બીમાર વ્યક્તિ માટે સો દવાની ગરજ સારે છે.

૨૬. રાત થોડી ને વેશ ઝાઝા, સમય ઓછો ને કામ વધારે ઃ સમય થોડો છે, કાર્ય કરવાના ઘણાં બાકી છે, માટે કાલ કરે સો આજ, આજ કરે સો અબ...

૨૭. પાંઈની પેદાશ નહિ ને ઘડીને નવરાશ નહિ ઃ વ્યર્થ કામમાં જ સમય ગુમાવ્યા કરે, અને મળે કશું નહિ.

૨૮. સંતોષી નર સદા સુખી, લોભને થોભ નથી ઃ જીવનમાં જેને સંતોષ છે, તૃષણા કે એષણા સતાવતી નથી, તે હંમેશા સુખી છે.

૨૯. અતિ સર્વત્ર વર્જયેત્ ઃ બધી જગ્યાએ બધું મર્યાદામાં જ શોભે છે, ચાહે કોઈ પણ હોય અને કંઈ પણ બાબત હોય.

૩૦. વખાણી ખીચડી દાઢે વળગી ઃ જેનાં બહુ વખાણ કરીએ તેમાં કશો ભલીવાર હોતો નથી.

૩૧. વર મરો કન્યા મરો, ગોરનું તરભાણું ભરો ઃ તમારું જે થવું હોય તે થાય, પણ પહેલાં મારું કાર્ય કરો, નર્યો સ્વાર્થ જ હોય.

૩૨. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ ઃ જયારે માણસનો વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિ પણ અવળી થઈ જાય છે.

૩૩. બહુ ઝાઝું થોડા સમય માટે હોય ઃ જયારે કોઈપણ વ્યક્તિ/કે વસ્તુ પ્રત્યે મમત્વ ભાવ હોય તો તે તૂટવા માટે છે.

૩૪. અધૂરો ઘડો છલકાય ઘણો ઃ જેને અધૂરું જ્ઞાન હોય તે વધારે પડતું ડહાપણ કરે, અને એવું દર્શાવે કે મને ઘણું વધારે આવડે છે.

૩૫. પાકા ઘડે કાંઠા ન ચડે ઃ મોટી ઉંમરે જ્ઞાન પ્રાપ્તિ/કે અર્થોપાર્જન કરવા જાય તો તેને પ્રાપ્ત ન થાય.

૩૬. શિર (મસ્તક) સલામત તો પઘડિયા બહોત ઃ જેનું માથું સલામત હોય તો પાઘડી ઘણી છે, એટલે કોઈ કાંઈ પણ કહે પરંતુ મન/મગજ ઠેકાણે રાખવું.

૩૭. કથા સાંભળી સાંભળી ફૂટ્યા કાન તો' ન આવ્યું બ્રહ્મજ્ઞાન ઃ જેને ફક્ત કથા-વાર્તા સાંભળવી જ ગમે. પરંતુ સાચું આત્મજ્ઞાન કે બોધ ન પામે તેને ક્યારે પણ બ્રહ્મ જ્ઞાન થતું નથી.

૩૮. આગ લાગે ત્યારે કૂદો ખોદવા ન જવાય ઃ કોઈ પણ કાર્યને સારી રીતે પાર પાડવા માટે પહેલેથી જ વ્યવસ્થા વિચારી રાખવી જોઈએ. પરંતુ જયારે થશે ત્યારે દેખા જાયેગા વાત ન કરવી.

૩૯. ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય, તેમ ટીપે ટીપે ખાલી પણ થાય અને કાંકરે કાંકરે તૂટી જાય ઃ થોડું થોડું ભેગું કરતાં કરતાં કરોડપતિ પણ થવાય. અને થોડા થોડા કર્મો કાઢતાં કાઢતાં સિદ્ધ પણ થવાય.

૪૦. મુણ્ડે મુણ્ડે મર્તિિભન્ના = કપાળે કપાળે બુદ્ધિ જુદી ઃ વ્યક્તિએ વ્યક્તિએ વાત જુદી જુદી હોય છે. બધા ડોકટર પાસે નિદાન કરાવો. રોગ એક પરંતુ નિદાન અનેક અને સર્વની વાત જુદી.

૪૧. ઉજજડ ગામમાં એરંડો પ્રધાન ઃ કોઈ પણ ગામમાં કોઈ વધારે બુદ્ધિશાળી ન હોય તો સામાન્ય બુદ્ધિ હોય તોય મંત્રી થઈ જાય.

૪૨. ઉજળું એટલું દૂધ નહિ, પીળું એટલું સોનુ નહિ ઃ જેટલું સારું દેખાય એટલું સારું જ હોય એમ માની લેવું નહીં, પરીક્ષા કર્યા પછી જ નિર્ણય કરવો.

૪૩. સોનુ લઈએ કસીને, માણસ લઈએ વસીને ઃ જયારે સોનુ લઈએ છીએ ત્યારે કસ કાઢીને પછી લઈએ છીએ. તેમ માણસની પરીક્ષા તેની સાથે રહીએ તો જ થાય છે.

૪૪. કૂવામાં હોય તો હવાડામાં આવે, અંદર હોય તો બહાર આવે ઃ જે સંસ્કાર માતા-પિતામાં ન જ હોય તે પુત્ર/કે પુત્રીમાં ક્યાંથી આવે ?

૪૫. વિશ્વાસે વહાણ ચાલે, અતિવિશ્વાસ વહાણ ડૂબે ઃ જો તમે શ્રદ્ધા રાખો તો કાર્ય સફળ થાય. પરંતુ અતિ શ્રદ્ધા રાખો કે આંધળો વિશ્વાસ રાખો તો કાર્ય નષ્ટ થઈ જાય.

૪૬. દામ કરે કામ અને સેવક કરે સલામ ઃ જગતમાં પૈસો જ કામ કરે છે, પૈસો છે તો બધું જ છે. ભલે બુદ્ધિ નથી, પણ પૈસો છે તો નોકર પણ સલામ ભરે છે.

૪૭. ચોર કોટવાળને દંડે ઃ ખરાબ કાર્ય પોતે કરે અને દોષારોપણ બીજાં પર કરે. તમે આમ કર્યું, તમે તેમ કર્યું...

૪૮. ચોરને કહે ચોરી કર, શેઠને કહે જાગતા રે'જો ઃ બે બાજુ ઢોલકી વગાડે, પેલાને કહે કે તું આમ કર, અને બીજાને કહે કે જોજે હો ધ્યાન રાખજે. ટૂંકમાં નારદ વેડાં કરવા...

૪૯. આંખમાં અમી તો દુનિયા ગમી, નમે તે સહુને ગમે ઃ આંખમાં અમૃત હોય તેને આખું જગત ગમે છે અને તે પોતાનો ઈગો દૂર કરી નમે છે તે સહુને ગમે છે.

૫૦. અન્ન તેવો ઓડકાર, ને અન્ન તેવું મન ઃ જેવું તમે ખાવ તેવાં જ ઓડકાર આવે, અને તેવાં જ તમારા વિચારો થાય.

૫૧. ઉતાવળાં સો બહાવરા ધીરા સો ગંભીર ઃ ઉતાવળ કરવાથી રઘવાટ થાય છે, અને ધીરજથી કાર્ય પાર પાડો, અને બહુ બોલ બોલ ન કરો તો ગંભીરતાથી કાર્ય પાર પડે છે.

૫૨. પુત્રના લક્ષણ પારણામાં, વહુ લક્ષણ બારણામાં ઃ જે જેની પ્રકૃતિ હોય તે તુરત જ ખબર પડી જાય છે. માટે જ કહેવાય છે કે પ્રાણને પ્રકૃતિ સાથે જાય...

૫૩. પૈસો નાચ નચાવે છે ઃ પૈસો જ રંગ/રાગ/તાના/માના કરાવે છે. ગરીબ બિચારો શું કરે ?

૫૪. પારકી આશા સદા નિરાશા કરે છે ઃ બીજાની આશા રાખવી તે કાયમ માટે નકામી છે. પોતાના પગ પર ઊભા રહેતાં શીખવું જોઈએ.

૫૫. ભેંસના શિંગડા ભેંસને ભારે ઃ જે જેવા કર્મ કરશે તે તેને ભોગવવાં પડશે. તું શું કામ નાહકની ચિંતા કરે છે ?

૫૬. વાદ-વિવાદમાં પડવું નહિ, સાથે રહીને લડવું નહિ ઃ જેની સાથે રહીયે તેની સાથે ઝઘડો/ટંટો કરવો નહિ, અને લડાઈ/ઝઘડા કરવા નહિ.

૫૭. હસતાં બાંધ્યા કર્મ, રડતાં રડતાં નવિ છૂટે રે ઃ જે કર્મો હસતાં હસતાં બાંધ્યા હોય તે રોતાં રોતાં પણ છૂટતાં નથી.

૫૮. જે ધર્મ કરશે તે તરશે, જે પાપ કરશે તે ડૂબશે ઃ સારું કાર્ય તમે કરો, જે બીજાના આત્મહિતનું હોય તો તમે ધીરે ધીરે સંસારથી બહાર નીકળશો. પરંતુ જે પાપો કરીને જાતને સુખી કરે છે તે અંતે દુઃખના દરિયામાં ડૂબવાના.

૫૯. પારકી આશા સદા નિરાશા ઃ પોતાની મહેનત પ્રયત્ન ઉપર ઊભા રહેવું, આગળ વધવું. બાકી બીજા બહુ બહુ તો મદદ કરી શકે પણ સુખી ન કરી દે.